# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧/ક્વા-૧/૧૯- ૨૦/૫૫૬૦–૪** **તા.૨૧–૦૮–૧૯**

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૧/ક્વા-૧/૧૯- ૨૦

અરજદાર: **જસ્મીન વિ. અમીપરા** ગામ: **કોઠારિયા**
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

**સામાવાળા:** **કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે.મહેતા **પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૩-૦૮-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૮-૦૫-૧૯ તેમજ તા. ૨૫-૦૬-૨૦૧૯, તા. ૧૬–૦૭–૧૯ ના રોજ રાખવામા આવેલ હતી, જેમા તા.૨૮–૦૫–૧૯ ના રોજ કાર્યપાલક ઈજનેર શ્રી એચ.બી.પરમાર હાજર રહેલા હતા, તેમજ અરજદાર ગેરહાજર રહેલ હતા. ત્યારબાદ તા. ૨૫-૦૬-૨૦૧૯, ના રોજ કાર્યપાલક ઈજનેર શ્રી એચ.બી.પરમાર તેમજ વાવડી પેટા વિભાગીય કચેરી ના નાયબ ઈજનેર શ્રી ડી.ડી.શીંગરાખીયા તથા અરજદાર અમીપરા જસ્મીન વી. તેમજ તેમની સાથે ધનશ્યામભાઈ આર.વધાસીયા હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં ફોરમ કમિટી દ્વારા જરૂરી સ્થળ રોજકામ અને તેને સંલગ્ન આધાર–પુરાવા રજુ કરવા બન્ને પક્ષકારો ને સુચના આપેલ. ત્યારબાદ, તા.૧૬–૦૭–૧૯ ના રોજ કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે.મહેતા અને અરજદાર હાજર રહેલ હતા.સદર સુનાવણીમાં બન્ને પક્ષકારો દ્વારા રજુ **કરાયેલ** સ્થળ રોજકામ અને પ્લોટ ના એપ્રુવ્ડપ્લાન ના અનુસંધાને ફરીથી ફરીયાદી અરજદાર ના બાંધકામ અન્વયે – રોડ રસ્તાની માપણી રજુ કરવા જણાવેલ. જે અનુસંધાને તા.૧૩-૦૮-૨૦૧૯ (મંગળવાર)ના રોજ સદર કેસની સુનાવણી રાખવામાં આવેલ હતી. જેમા ઉપર મુજબ પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર જસ્મીન વિ. અમીપરા, ગામ:કોઠારિયા તેઓની અરજી ના નોંધણી નંબર :૧૧/ક્વા–૧/૨૦૧૯–૨૦ મા જણાવે છે કે, તેઓની માલીકી ના શેડ નં.–૩, પ્લોટ નં.–૬૫ સર્વે નંબર: ૧૫૯ પૈકી ૧, બજરંગ ઈન્ડ એરીયા, રાજકોટ ખાતે ધરાવે છે. જેમાં, પીજીવીસીએલ દ્વારા મંજુરી / જાણકારી વગર તેઓના શેડની આગળના ભાગે ટ્રાન્સફોર્મર ઉભુ કરેલ છે. જે અડચણરૂપ થાય છે. તે બાબતે – વાવડી પેટા વિભાગીય કચેરી માં વારંવાર લેખીત / મૌખીક રજુઆત કરેલ છે. પરંતુ, કોઈ જાતનો જવાબ મળેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **જસ્મીન**ભાઈ વી. અમીપરા, શેડ નં-૩, પ્લોટ નં.-૬૫, સર્વે નં.૧૫૯/૧, બજરંગ ઇન્ડ. એરિયા, ૬૦ ફૂટ મેઈન રોડ, સ્વાતિ પાર્ક ની બાજુમાં, કોઠારિયા ની ટી.સી. શિફ્ટિંગ ની અરજી અનુસંધાને વાવડી સ/ડી દ્વારા આઉટવર્ડ નં.-૨૭૬૭, તા.૧૨.૦૪.૨૦૧૯ થી ટી.સી. શીફટીંગનું ભાવપત્રક આપવામાં આવેલ છે. સદર ભાવપત્રક ની રકમ અરજદાર દ્વારા ભરપાઈ કરાયેલ નથી.

૩.૧ અરજદાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રમાં જે રજૂઆત કરેલ છે તે મુજબ સંદર્ભ ૪ મુજબ સ્થળ તપાસ દરમિયાન સદર ટ્રાન્સફોર્મર સેન્ટર રોડ માર્જિનથી અંદર આશરે ૨.૫ ફૂટ જેટલું આવેલ છે. અરજદારની અરજી રજીસ્ટ્રેશન ગત તારીખ ૧૨.૦૪.૨૦૧૮ ના રોજ એસ આર નંબર ૧૦૭૦૦૩૧૯ થી જી પી નંબર ૮૦૦૦ થી કરવામાં આવેલ અને સર્વે તારીખ ૧૭.૦૪.૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ. તેમાં જે સમયે ટ્રાન્સફોર્મર સેન્ટર લીધેલું જ હતું અને સર્વે દરમિયાન ટ્રાન્સફોર્મર મોટું કરવું અને સ્થળ વિગેરેમાં સહી મેળવેલ હતી. અરજદારની પ્રથમ અરજી જે તારીખ ૧૧.૦૪.૨૦૧૮ ના રોજ મળેલ ત્યારબાદ સર્વે કરવામાં આવેલ અને તેમાં સહમતી મેળવેલ હતી.વધુમાં સદર ટ્રાન્સફોર્મર સેન્ટરમાં તેઓએ જયારે અરજી કરેલ ત્યારે પહેલેથી જ ત્રણ કનેક્શન હયાત હતા.જેમાંથી બે વિજ કનેક્શનો તારીખ ૧૨.૦૪.૨૦૧૮ ના રોજ રીલીઝ પણ થયેલ હતા, એટલેકે અરજી વખતે ટ્રાન્સફોર્મર સેન્ટર હયાત હતું અને તેમને ત્યાં હયાત ટ્રાન્સફોર્મર સેન્ટર માંથી જ વિજજોડાણ આપવામાં આવશે તેવું સર્વે દરમિયાન પણ અરજદારની જાણકારીમાં હતું.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર તેઓના માલીકી ના શેડ નં.–૩, પ્લોટ નં.–૬૫ સર્વે નંબરઃ ૧૫૯ પૈકી ૧, બજરંગ ઈન્ડ એરીયા, રાજકોટ ખાતે ધરાવે છે.

૪.૨ પીજીવીસીએલ દ્વારા મંજુરી / જાણકારી વગર તેઓના શેડની આગળના ભાગે અરજદાર ની ગેરહાજરીમાં અન્ય ના વીજજોડાણ માટે ટ્રાન્સફોર્મર ઉભુ કરેલ છે. જે અડચણરૂપ થાય છે. તે બાબતે – વાવડી પેટા વિભાગીય કચેરી માં તા.૧૧–૦૪–૧૮, તા.૨૧–૦૪–૧૮, અને તા.૧૬–૦૫–૧૮ થી વારંવાર લેખીત / મૌખીક રજુઆત કરેલ છે. પરંતુ, કોઈ જાતનો જવાબ મળેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૪.૩ અરજદાર ની રજુઆત તા.૧૬–૦૫–૧૮ મુજબ – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નડતરરૂપ ટ્રાન્સફોર્મર સેન્ટર શીફટીંગ કરી આપવા માટે, ભાવપત્રક રૂ.૪૯,૧૯૩/– તા.૧૨–૦૪–૧૯ થી અપાયેલ હતુ, જે નિયત સમયગાળામાં ભરપાઈ કરેલ નથી.

૪.૪ ફોરમ કમિટી ની સુનાવણી તા.૨૫–૦૬–૧૯ અને તા.૧૬–૦૭–૧૯ ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત મુજબ – સ્થળ તપાસ દરમ્યાન સવાલવાળુ ટ્રાન્સફોર્મર સેન્ટર રોડ માર્જિનથી આશરે ૨.૫ ફૂટ જેટલું અંદર આવેલ છે.

૪.૫ ઉપરોકત મુદદા નં. ૪.૪ ના અનુસંધાને – સ્પષ્ટ થાય છે કે, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જે તે સમયે અરજદાર ના બાંધકામથી જરૂરી માર્જીન મુકીને ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભુ કરવાનુ થતુ હોય, જે કામગીરી જે તે સમયે થયેલ ન હોવાથી તેમજ અરજદાર ની રજુઆત પ્રત્યે જરૂરી કાર્યવાહી કરાયેલ ન હોય, જેથી સદર નડતરરૂપ ટ્રાન્સફોર્મર અરજદાર ના બાંધકામ થી જરૂરી માર્જીન મુકીને સલામતી ના અંતરે નિયમાધીન સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ યોજના અંતર્ગત દિન–૩૦ માં અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ શીફટીંગ કરી આપવા સામેવાળા ને સુચના આપવામા આવે છે.

૪.૬ મુદદા નં. ૪.૫ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ: (૧)અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯